ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૩૯.૨ ડીગ્રી
લઘુતમ : ૨૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૪ ટકા ● સાંજે ૩૪ ટકા

# સે-૭ શાકમાર્કેટ લગ્નવાડી સામે ખસેડાતા વાહનચાલકો પરેશાન

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરના સેકટર-૭માં મુખ્ય શોપીંગ પાસેનું શાકભાજી બજાર આખું લગ્નવાડી પાસે ખસેડવામાં આવ્યું છે. જયાં સાંજ પડતા જ ભારે ટ્રાફિકની સમસ્યા સર્જાય છે. પરીણામે વાહન ચાલકોને વાહન લઈ પસાર થવું મુશ્કેલ બને છે.

ગાંધીનગર શહેરના સેકટર-૭માં મુખ્ય શોપીંગ પાસે મોટું શાકભાજી બજાર આવેલું છે. જયાં અંદાજીત ૮૦ જેટલી શાકભાજી અને અન્ય ચીજ વસ્તુઓની લારીઓ દરરોજ ઉભી રહે છે. ખુલ્લી જગ્યામાં ઉભા રહેતા વધારે મુશ્કેલી થતી નથી પરંતુ આ સ્થળે તંત્ર દ્વારા ફલોરીંગનું કામકાજ હથ ધરવામાં આવ્યું છે. જેને પગલે આખું શાકભાજી બજાર સેકટર-૭ લગ્નવાડી સામેના ભાગે ખસેડવામાં આવ્યું છે. પરિણામે ઓછી જગ્યામાં સખ્યાબંધ લારીઓનો જમાવડો થાય છે અને મોટા ભાગની લારી રોડની આસપાસ લાગી જાય છે. બીજી તરફ શાકભાજી લેવા આવતા નાગરિકો પણ વાહન લઈ આવે છે અને માર્ગની આસપાસ જ પાર્ક કરી દેતા સાંજે તો આ વિસ્તારમાંથી પસાર થવું મુશ્કેલ બન્યું છે તંત્ર એ આ સમસ્યાને લઈ ટ્રાફિક દૂર કરવા માટે કોઈ વૈકલ્પિક વ્યવસ્થા કરવી જોઈએ તે જરુરી બન્યું છે.

# મેડીકલ કોલેજમાં વર્ગ-૪ના કર્મચારીઓની હડતાલ

ગાંધીનગર, તા.૧૮

પાટનગરની મેડીકલ કોલેજમાં ખાનગી એજન્સી હેઠળ સાફ-સફાઈ કરતા કર્મચારીઓએ આજે પગાર વધારા મુદ્દે હડતાલ પાડી હતી. વર્ગ-૪ ના કર્મચારીઓએ હડતાલ પાડી કામગીરીથી અળગા રહેતા મેડીકલ કોલેજના સ્ટાફના કર્મચારીઓએ જાતે સફાઈ કરવાનો વારો આવ્યો હતો. જો કે તંત્ર દ્વારા કર્મચારીઓને સમજાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો પરંતુ પગાર વધારાની વાતનો લઈ કર્મચારીઓ અડગ રહ્યા હતા. જયારે રવિ એન્ટરપ્રાઈઝ સામે સુત્રોચ્ચાર કર્યા હતા. ત્યારે કારમી મોંઘવારીમાં માંડ કમાઈને બે ટંકનું ભોજન મેળવતા કર્મચારીઓને મે માસનો પગાર પણ હજુ સુધી ન મળતા કર્મચારીઓ રોષે ભરાયા છે.

પાટનગરની મેડીકલ કોલેજમાં છેલ્લા ત્રણ વર્ષથી રવિ એન્ટરપ્રાઈઝને સાફ-સફાઈનો કોન્ટ્રાકટ મળ્યો છે. રવિ એજન્સીમાં અંદાજીત ૬૦ જેટલા કર્મચારી ભાઈ બહેનો સાફ સફાઈની જવાબદારી સંભાળે છે. ત્યારે તેઓનું કહેવું છે કે અનેકવાર રવિ એજન્સીના માલિકોને જાણ કરી હોવા છતા પગાર વધારવામાં આવ્યો નથી. કારમી મોંઘવારીમાં સામાન્ય પગારમાં ઘર ખર્ચ પુરો પડતો નથી. ત્યારે પગાર વધારો તો એકબાજુ ગયો પરંતુ મે માસનો પગાર જુન માસ અડધો થયો છતા આપ્યો નથી. જેને પગલે વર્ગ-૪ ના કર્મચારીઓમાં રોષ ભભુકી ઉઠ્યો હતો. સવારથી જ મેડીકલ કોલેજના પગથીયા પર કર્મચારીઓ બેસી રહ્યા હતા અને કામગીરી અળગા રહ્યા હતા. મેડીકલ કોલેજની સફાઈ કર્મચારીઓ જાતે કરવી પડી હતી. રવિ એજન્સીના પ્રવિણભાઈ વાજા સાથે વાત કરતા તેઓએ જણાવ્યું હતું કે છેલ્લા ત્રણ વર્ષથી કોન્ટ્રાકટ જુના ભાવે રીન્યું કરવામાં આવે છે. તેમજ કર્મચારીઓનો પગાર વર્ષમાં ત્રણ વાર વધારવામાં આવ્યો છે પરંતુ કર્મચારીઓમાં સંતોષ નથી.સોમવારે હડતાલની જાણ થતા મે મંગળવારે રૂબરુ મળીને વાતચીત કરીને ઉકેલ લાવીશું તેમ જણાવ્યું હતું પરંતુ તેઓ માન્યા નહી.

## @ગાંધીનગર

● સુંદરકાંડ જ્ઞાનયજ્ઞ પરિવાર દ્વારા કાન્તિભાઈ યોગીની વ્યાસપીઠે રાત્રે ૯ કલાકે સાર્થક સોસાયટી, રીલાયન્સ ચોકડી, કુડાસણ, ન્યુ ગાંધીનગર ખાતે સુંદરકાંડના સંગીતમય પાઠ યોજાશે.

# સરકારી પોલીટેકનીકમાં ટેકનીકલ કોર્ષની સીટો ઘટતા વિદ્યાર્થીઓમાં રોષ

## એનએસયુઆઈના કાર્યકરોએ ટેકનીકલ શિક્ષણના કમિશનરને આવેદન પત્ર પાઠવી રજુઆત કરી

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર જિલ્લા અને આસપાસના વિસ્તારમાંથી અભ્યાસઅર્થે આવતા વિદ્યાર્થીઓને ખાનગી એન્જીનિયરીંગમાં કોલેજમાં ઉંચી ફી આપીને અભ્યાસ કરવો પડે તેવી સ્થિતિ ઉભી થવા પામી છે. ડીપ્લોમાં એન્જીનીયરીંગમાં ખાનગી કોલેજોની સીવીલ, મીકેનીકલ અને ઈલેક્ટ્રીકની કુલ ૩૧૨૦ સીટ છે. જયારે સરકારી પોલીટેકનીક ગાંધીનગરમાં ફકત ઈલેક્ટ્રીકમાં ૬૦ સીટ છે. જયારે મીકેનીકલ અને સીવીલમાં એક પણ સીટ નથી. ત્યારે ગાંધીનગર શહેરના વિદ્યાર્થીઓને ભવિષ્યને પગલે બેઝીક કોર્ષ શરુ કરવા અને યોગ્ય ફેકલ્ટી ભરવા એનએસયુઆઈના કાર્યકરોએ ટેકનીકલ શિક્ષણના કમિશનરને આવેદન પત્ર પાઠવી રજુઆત કરી છે તેમજ જો આ મામલે યોગ્ય નિર્ણય નહીં કરવામાં આવે તો આગામી સમયમાં એનએસયુઆઈ દ્વારા ઉગ્ર આંદોલન કરવામાં આવશે તેવી ચિમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

ગાંધીનગર પોલીટેકનીકનો પ્રારંભ ૧૯૯૧ થી થયો છે. ત્યારે ડીપ્લોમાં ચલાવતી પ્રાઈવેટ કોલેજોની શરુઆત વર્ષ ૨૦૦૫ થી થઈ છે. દરેક ડિપ્લોમા-ઈજનેરી કોલેજના કોર્ષની માન્યતા



એઆઈસીટીઈ આપે છે. અને તે માટેની કાર્યવાહી કમિશનર ટેકનીકલ શિક્ષણ કચેરીમાંથી કરવામાં આવે છે. પ્રાઈવેટ ડિપ્લોમા કોલેજ અને ઈજનેરી કોલેજમા બેઝીક બ્રાંચ (મીકેનીકલ,સીવીલ, અને ઈલેક્ટ્રીકલ)ની કુલ સીટ મળીને ૬૧૮૦ થતી હોય અને સરકારી કોલેજમાં ફકત ૬૦ સીટ વિદ્યાર્થીઓને મળે છે. ત્યારે આ પ્રકારની નિતી ફકત પ્રાઈવેટ કોલેજનો ધંધો ધમધોકાર ચાલે તે માટે હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે ગાંધીનગર ખાતે બેઝીક કોર્ષ ચાલુ કરવા અને યોગ્ય ફેકલ્ટી ભરવા એનએસયુઆઈના કાર્યકરોએ જણાવ્યું છે. જો ટુંક સમયમાં આમ કરવામાં નહીં આવે તો એનએસયુઆઈ દ્વારા ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

# જમિયતપુરા પાસે લકઝરી બસે એકટીવા ચાલકને ટકકર મારતા ઘટનાસ્થળે મોત

ગાંધીનગર, તા.૧૮

અડાલજ નજીક જમિયતપુરા પીકઅપ સ્ટેન્ડ આગળ આજે વહેલી પરોઢીએ લકઝરી બસની ટકકરે એકટીવા ચાલક યુવાનનું ઘટના સ્થળે કરૂણ મોત થયું હતું. આ મામલે અડાલજ પોલીસે બસ ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર પાટણ તાલુકાના ડેર ગામનો ૧૯ વર્ષીય યુવાન મોહિત ભગવાનદાસ દેસાઈ અમદાવાદ ખાતે કાપડની દુકાનમાં નોકરી કરે છે. ૯ વર્ષીય મોહિતી આજે વહેલી સવારે અમદાવાદથી અડાલજ થઈ પોતાના ઘરે પાટણ એકટીવા પર જઈ રહ્યો હતો. આ યુવાન અડાલજ જમિયતપુરા પાટીયા પાસે પસાર થઈ રહ્યો હતો ત્યારે અચાનક જ બેફામગતિએ દોડતી લકઝરી બસ નં. જીજે ૨૪-યુ ૯૪૭૨ના ચાલકે એકટીવા ચાલકને ટટકર મારતા તે યુવાનનું ઘટના સ્થળે જ મોત નિપજયું હતું. આ મામલે મૃતકના ભાઈ લધધીર દેસાઈએ ફરિયાદ નોંધાવી હતી. જે ફરિયાદના આધારે પી.એસ.આઈ. શેફાલી મકવાણા તપાસ ચલાવી રહ્યા છે.

## વાતવાતમાં

● વિશ્વ યોગ દિવસ પૂર્વે સપ્તાહથી શહેર ‘યોગ મય’ બની જવા પામ્યું છે. શહેરમાં અનેક સ્થળે યોગ શિબિરના આયોજન ઉપરાંત વિવિધ સંસ્થાઓ દ્વારા વિશ્વ યોગ દિવસની ઉજવણીમાં ભાગ લેવાની તૈયારીઓ પુરજોશમાં ચાલી રહી છે.

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં સ્થિત મેડીકલ કોલેજ સામે એક આંબાના ઝાડની ડાળ પડતાં એક કાર અને સ્કૂટરને નુકશાન થવા પામ્યું હતું. સદભાગ્યે આ ઘટનામાં કોઈને ઈજા નહોતી થવા પામી પરંતુ થોડા સમય માટે સિવિલ કેમ્પસમાં ટ્રાફિક જામ સર્જાયો હતો.

# ચિલોડા હોમગાર્ડઝ સબ યુનિટ દ્વારા યોગ શિબિર યોજાઈ





ચિલોડા, તા.૧૮

ગાંધીનગર તાલુકાના ચિલોડા-પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિદ્યાલય (જગદંબાભવન) ખાતે ચિલોડા હોમગાર્ડઝ સબ યુનિટ દ્વારા તા. ૨૧મી જૂન વિશ્વ યોગ દિવસની પૂર્વ તૈયારી રૂપે યોગ શિબિરનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં ગાંધીનગરના વી.કેર ફાઉન્ડેશનના મોટીવેશનલ ટ્રેઈનર અને યોગ નિષ્ણાંત જે.સી. પટેલ દ્વારા સેમિનારમાં યોગ, પ્રાણાયામ, મુદ્રા, આસનો તથા હળવી કસરતની પ્રત્યક્ષ નિદર્શન દ્વારા તાલીમ આપવામાં આવી હતી. આ શિબિરમાં હોમ ગાર્ડઝ યુનિટના ઈન્ચાર્જ ઓફિસર એન.જે. સોલંકી, શિક્ષણવિદ નટુભાઈ પટેલ, સાદરા વિદ્યાપીઠના પ્રાધ્યાપક રમેશભાઈ પટેલ, પ્રભુદાસભાઈ કાસુન્દ્રા, રાજયોગિની તારાદીદી, કરાઈ ખાતેના ઈન્સ્પેકટર અનિલ પટેલ વગેરે જોડાયા હતા. આ શિબિરમાં ચિલોડા હોમગાર્ડઝ યુનિટના ૧૦૦થી વધુ જવાનોએ યોગ પ્રાણાયામની તાલીમ મેળવી યોગા દિવસની ઉજવણી કરવા કટીબધ્ધતા વ્યકત કરી હતી. અંતે યોગ દિવસની ઉજવણીનો પ્રચાર પ્રસાર કરવા સંકલ્પ કર્યો હતો.

# સે-૭માં માર્ગ પર ઉભરાતી ગટરોથી વસાહતીઓ ત્રાહીમામ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરના સેકટર-૭માં સરકારી કર્મચારીઓ માટેના આવાસોમાં છેલ્લા કેટલાક દિવસથી ગટરના ગંદા પાણી માર્ગ પર ફરી વળ્યા છે. જ-૨ સરકારી આવાસ છે ત્યાં ગંદા પાણીને પગલે ચોમાસા જેવી સ્થિતિનું નિર્માણ થયું છે. સ્થાનિક રહીશોએ તંત્ર સમક્ષ રજુઆત કરવા છતા હજુ સુધી યોગ્ય નિવેડો આવ્યો નથી. ત્યારે નાગરીકોને ના છુટકે રોગચાળા વચ્ચે રહેવાની ફરજ પડી રહી છે.

ગાંધીનગર શહેરમાં ફરજ બજાવતા સરકારી કર્મચારીઓ માટે સેકટરોમાં વિવિધ કક્ષાના સરકારી મકાનો બનાવવામાં આવ્યા છે.જેમાં તમામ પ્રકારની સુવિધા તંત્ર દ્વારા ઉભી કરવામાં આવે છે. પરંતુ અનેકવખત નાનીમોટી સમસ્યાઓને પગલે તંત્ર દ્વારા કામગીરી નહીં કરવામાં આવતા રહીશો પરેશાનીનો ભોગ બને છે. ત્યારે સેકટર-૭ જ-૨ આવાસ ખાતે છેલ્લા કેટલાક દિવસથી ગટરના ગંદા પાણી બેક મારતા માર્ગ પર ફરી વળે છે. ગટરના પાણીને પગલે સમગ્ર વિસ્તારમાં દુર્ગંધ મારે છે. અંદાજીત ૧૩ જેટલા સરકારી આવાસના બ્લોકમાં ગટર ઉભરાતી હોવાની સમસ્યા સામે આવી છે. ગટરના ગંદા પાણીને પગલે મચ્છરોનો ત્રાસ વધી જવા પામ્યો છે. નાગરીકો શાંતિથી સુઈ પણ શકતા નથી તેવી સ્થિતિ ઉભી થવા પામી છે. ગટરના ગંદા પાણી વહેતા અટકે તે માટે તંત્રને અનેકવાર લેખિત તેમજ મૌખિક રજુઆતો રહીશો દ્વારા કરવામાં આવી છે. પરંતુ વસાહતીઓની સમસ્યાનું નિરાકરણ આવતું નથી. તંત્રના બહેરા કાનો નાગરીકોની રજુઆત સંભળાતી નથી.ત્યારે આગામી ચોમાસાની રૂતુને ધ્યાને લઈ સત્વરે સમસ્યાનું નિરાકરણ આવે તેવી વસાહતીઓની લાગણી અને માંગણી છે.

# ભારત વિકાસ પરિષદ દ્વારા ૮મીએ તેજસ્વી તારલાઓ સન્માનાશે

ગાંધીનગર, તા.૧૮

ભારત વિકાસ પરિષદ ગાંધીનગરના સભ્યશ્રીઓના તેજસ્વી બાળકોને સન્માનવાનો કાર્યક્રમ તેમજ સભ્યોના બાળકોમાં રહેલી સુષુપ્ત શકિતઓને બહાર લાવવા માટે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમ તા. ૮મી જુલાઈના સવારે ૯ કલાકે બ્રહ્માણી કૃપા ફાર્મસી કેમ્પસ કડી સ્કુલ કેમ્પસ, સે-૨૩ ખાતે યોજાશે. બાળકોની માર્કશીટ તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેવા માટે ઉપપ્રમુખ/મંત્રી/ખજાનચી/કારોબારી સભ્યોને તાત્કાલીક જણાવવા વિનંતી છે. ભોજનના આયોજન માટે મંત્રી તથા ખજાનીને સભ્ય સંખ્યા જણાવવા પ્રમુખ મુકેશભાઈ રાવલ તથા મંત્રી નરેન્દ્રભાઈ પટેલે જણાવેલ છે.

# સે-૭-બીના બંધ મકાનમાંથી સોનાના દાગીનાની ચોરી

ગાંધીનગર, તા.૧૮

શહેરના સેકટર-૭-બીમાં બંધ મકાનના રસોડાના તાળા તોડી તસ્કરોએ ચોરીને અંજામ આપ્યો હતો. તસ્કરો મકાનમાંથી રૂ. ૪૩૫૦૦ની કિંમતના સોનાના દાગીનાની ચોરી કરી ગયા હતા. આ ચોરી મામલે મકાનમાલિકના પુત્ર એ સેકટર-૭ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. જે મામલે પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળેલી માહિતી અનુસાર જૈમિન ધ્રુવકુમાર વૈદ્ય હાલ સેકટર-૨-સી પ્લોટ નં. ૮૦૩/૧ ખાતે રહે છે. જૈમિનના પિતાનું મકાન સેકટર-૭-બી પ્લોટ નં. ૪૯૧ ખાતે આવેલું છે. જે મકાન છેલ્લા છ માસથી બંધ હાલતમાં હતું. દરમિયાન બે દિવસ અગાઉ કેટલાક ચોર ઈસમોએ બંધ મકાનને નિશાન બનાવ્યું હતું અને મકાનની પાછળના બાજુએ રસોડાના દરવાજાની લોખંડની ગ્રીલ અને તાળા તોડી મકાનમાં પ્રવેશ કર્યો હતો અને તિજોરી કબાટમાં રહેલ સોનાની ચેન, ૪ સોનાની વીંટી, સોનાની બુટ્ટી અને પેન્ડલ સહિતના કિં. રૂ. ૪૩૫૦૦ના સોનાના દાગીના લઈ ગયા હતા. આ ચોરી અંગે પડોશીને જાણ થતા તેમને જૈમિન વૈદ્યને ફોન કરી જાણ કરી હતી અને જૈમિને સેકટર-૭ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. જે ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી કરી છે. જેની તપાસ એસ.ડી. કાળા ચલાવી રહ્યા છે.

# જરૂરિયાતમંદ બાળકોને સ્ટેશનરી અને નાસ્તા વિતરણનું સેવા કાર્ય યોજાયું

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરના સેકટર-૧૩ ખાતેની નંદનવન આશ્રમશાળા ખાતે બાળકોને સ્ટેશનરીનું વિતરણ તથા સેકટર-૧૬માં શ્રમજીવી પરિવારોના બાળકોને નાસ્તા વિતરણનું સેવા કાર્ય શનિવારે હેપ્પી યુથ કલબ દ્વારા હાથ ધરાયું હતું. આ સેવા કાર્ય માટે સૌરાષ્ટ્ર ફરસાણના સાગરભાઈ કથરીયા તથા વિદ્યા લાયબ્રેરીના ગીરીશસિંહ વાઘેલા દ્વારા દાન-સહયોગ પુરો પાડવામાં આવ્યો હતો.



સેકટર-૧૩માં નંદનવન આશ્રમ-શાળા ખાતે આયોજિત કાર્યક્રમમાં સામાજિક અગ્રણી પ્રદિપસિંહ વાઘેલા, એડવોકેટ અમિતાબેન વાઘેલા, યોગસેવક વિરમભાઈ ચૌહાણ ઉપરાંત યોગેન્દ્રસિંહ ચોહાણ, ગઢવીભાઈ સહિત હેપ્પી યુથ કલબના યુવા સામાજિક કાર્યકર વિજયસિંહ માજીરાણા તેમજ શાળાના આચાર્ય યોગેશભાઈ દરજી ઉપસ્થિત રહ્યા હતા અને બાળકોને સારી આદતો કેળવવા તથા શિક્ષણ બાબતે પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમમાં બાળકોને બુંદી ગાંઠિયાનો નાસ્તો કરાવાયો હતો અને નોટબુક, પેન્સિલ, શાર્પનર જેવી સ્ટેશનરીની ભેટ આપવામાં આવી હતી. આ કાર્યક્રમ બાદ સેકટર-૧૬માં ઝુંપડપટ્ટીમાં વસતા શ્રમજીવી પરિવારોના બાળકોને પણ બુંદી ગાંઠીયાના નાસ્તાનું વિતરણ કરાયું હતું. સમગ્ર કાર્યક્રમના આયોજન માટે વિજયસિંહ માજીરાણાએ જહેમત ઉઠાવી હતી.

# રાજસ્થાન હોસ્પિટલ્સ ખાતે આંખના પડદાની વિના મૂલ્યે તપાસનો કેમ્પ

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરથી નજીક આવેલ રાજસ્થાન હોસ્પિટલ ખાતે આગામી તા. ૨૨ થતા ૨૩ જૂન દરમિયાન સવારે ૯ થી ૧૨ કલાકના સમયગાળામાં ‘ડાયાબીટીક રેટીનોપેથી કેમ્પ’નું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં લાભાર્થીઓને આંખના પડદાની નિઃશુલ્ક તપાસ કરી આપવામાં આવશે.

ડાયાબીટીશ મહારોગના કારણે દર્દીને આંખે અંધાપો પણ આવી શકે છે. આ સંજોગોમાં જે વ્યકિતને ડાયાબીટીશ હોય તેમણે આંખોની તપાસ કરાવવી હિતાવહ છે. અમદાવાદના કેમ્પ રોડ પર આવેલ રાજસ્થાન હોસ્પિટલ ખાતે તા. ૨૨ અને ૨૩ જુન દરમિયાન આયોજિત ‘ડાયાબીટીક રેટીનોપેથી કેમ્પ’માં આંખના પડદાના નિષ્ણાંત તબીબ ડૉ. શિલ્પી શાહ દ્વારા દર્દીઓને વિના મૂલ્યે આંખના પડદાની તપાસ કરી આપવામાં આવનાર છે. આ ઉપરાંત હોસ્પિટલ ખાતે વ્યાજબી દરે લેસર તથા આંખના એવાસ્ટીન અને એકસોન્ટ્રિકસ વગેરે ઈન્જેકશન તેમજ આંખના પડદાની સારવાર રાહત દરે કરી આપવામાં આવશે. આ કેમ્પનો લાભ લેવા હિરેન પ્રજાપતિને મો.નં. ૯૯૯૮૦૮૮૮૦૮ પર રજીસ્ટ્રેશન કરાવી લેવા આયોજકો દ્વારા જણાવવામાં આવ્યું છે. કેમ્પનો લાભ લેવા માંગતા દર્દીએ તેમના કેસના જુના તમામ રિપોર્ટસ સાથે લઈ જવા જણાવાયું છે.

# જુનિયર સિટીઝન કાઉન્સિલની સહાયથી મહિલાનું ચક્ષુદાન લેવાયું

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર નિવાસી ૫૭ વર્ષીય અર્ચના ધર્મવીરનું તા. ૧૬-૬-૨૦૧૮ના રોજ અવસાન થતાં તેમના કુટુંબીજન ધર્મવીરની સંમતિથી સ્વર્ગસ્થનું ચક્ષુદાન લેવામાં આવ્યું હતું. સદરકાર્યમાં જુનિયર સિટીઝન કાઉન્સિલની સહાયથી તબીબી સેવામાં ડૉ. મેઘા પટેલ તથા જુસીકાના કાર્યકર હિતેષ રાવલ રાજુ વાઘેલા તથા સન્ની વાઘેલાએ સેવાઓ પુરી પાડી હતી. સ્વર્ગસ્થના ચક્ષુઓને સિવિલ હોસ્પિટલના અમદાવાદ ચક્ષુ બેંક ખાતે રણજીત પાંડવ અને આકાશ પરમાર દ્વારા પહોંચાડવામાં આવ્યા હતા. સ્વર્ગસ્થના કિડની અને લીવરનું દાન એપોલો હોસ્પિટલ, ભાટ ગાંધીનગર દ્વારા સ્વીકારવામાં આવ્યું છે.

# શહેરમાં વરસાદનું આગમન નજીક હોવાનો પુરાવો આપતું ‘ચાતક’ પક્ષી...!!!

## સાબરમતીની કોતરોમાં ચાતકનો વસવાટ જોવા મળતા વરસાદની ‘ચાતક’ નજરે રાહ જોઈ રહેલા પ્રકૃતિ પ્રેમીઓમાં આનંદ



ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરમાં હવે નજીકના દિવસોમાં જ મેઘરાજા પધરામણી કરશે તેવા મજબૂત એંધાણ પ્રાપ્ત થયા છે, કેમ કે શહેરની આસપાસ કુદરતી વનરાજીમાં પક્ષી પ્રેમીઓને ‘ચાતક’ પક્ષીનો વસવાટ જોવા મળ્યો છે. ચાતક પક્ષી હાલ ગાંધીનગરમાં સાબરમતી નદીના પટમાં કોતરોમાં પુનિતવન તથા સરિતા ઉદ્યાન, ઈન્દ્રોડા ઉદ્યાન જેવા વિસ્તારોમાં જોવા મળી રહ્યું છે. વરસાદની ‘ચાતક’ નજરે રાહ જોઈ રહેલા પ્રકૃતિ પ્રેમીઓમાં આનંદની લહેર પ્રસરી છે.

ચાતક પક્ષી અંગે ફિલ્મી ગીતો અને કવિતાઓમાં દરેકે સાંભળ્યું હોય છે પરંતુ ભાગ્યે જ કોઈએ તેને જોયું હોય છે. આ પક્ષી મૂળ આફ્રિકાના પૂર્વ કિનારાના વિસ્તાર અને રશિયાનું વતની છે અને ઉનાળો ઉતરતાં ચોમાસાના પ્રારંભ પૂર્વે તે ભારત, શ્રીલંકા અને મ્યાનમાર વગેરેમાં રહેવા આવે છે તથા દિવાળી પૂર્વે પરત વતન ફરે છે. આ પક્ષી મોટે ભાગે ભીની અને વાવેતરવાળી જગ્યાએ રહેવાનું પસંદ કરે છે અને તે જયાં વસવાટ કરવાનું પસંદ કરે છે તે વિસ્તારમાં એક સપ્તાહથી દસેક દિવસના ગાળામાં વરસાદ આવે છે. ગાંધીનગરમાં ચાતક પક્ષી દર વર્ષે ચોમાસાના પ્રારંભ પૂર્વે આવે છે અને આ વર્ષે પણ જોવા મળી રહ્યું છે તેથી હવે ચોમાસું ઢુકડું છે તેવું કહી શકાય.

ગાંધીનગરના યુવા પક્ષી પ્રેમી તથા અભ્યાસુ અમિત ગોંડે જણાવ્યું હતું કે, ‘આ એક કોયલ કુળનું પક્ષી છે અને કોયલની જેમ જ તે પોતાના ઈંડા જાતે સેવતું નથી પરંતુ અન્ય પક્ષી જેને આપણે લીલેડું તરીકે ઓળખીએ છીએ તેના માળામાં ઈંડા મુકી આવે છે. વળી ચાતક પક્ષી અંગે એવી પણ માન્યતા પ્રવર્તે છે કે તે જમીન પર બેસતું નથી કે જમીન પરનું પાણી પીતું નથી બલ્કે ચાંચ ખુલ્લી રાખીને સીધું વરસાદી બૂંદોનું પાણી જ પીવે છે પરંતુ આ હકીકત નથી ચાતક જમીન પરનું પાણી પીતું હોય અને જમીન પર બેઠું હોય તેવા ફોટોગ્રાફસ પણ ઉપલબ્ધ છે. ચાતકનો ભારત સાથે નાતો બહુ જુનો છે, તેનો ઉલ્લેખ વેદ, પુરાણ અને રામાયણમાં પણ જોવા મળે છે. આ પક્ષી કાળા અને સફેદ રંગનું હોય છે જે સાબરમતીની કોતરોમાં જોવા મળ્યું હતું.’ ચાતક પક્ષીની તસવીર ગાંધીનગરના વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફર જિજ્ઞેશ જાનીએ પોતાના કેમેરામાં કંડારી હતી.

## ચિરવિદાય

- સ્વ. ઠાકોર કેશાજી બળદેવજી, ઉ.વ. ૭૫
- સ્વ. રામાજી હિરાજી ઠાકોર, ઉ.વ. ૭૫
- સ્વ. સંગીતાબેન, ઉ.વ. ૩૫